શ્રીમતી એચ. આર. નાયક
ડૉ. એ. આર. પટેલ

"ઉન્નત ભારત અભિયાન" અંતર્ગત "નશાબંધી અને દહેજ પ્રથા નિવારણ પ્રકલ્પ" વિષય પર વ્યાખ્યાનનું આયોજન

સંસ્કાર સિંચન અને માનવીય મૂલ્યોના આદર્શોને ઉજાગર કરતી તેમજ સમગ્ર જીલ્લામાં આટર્સ અને કોમર્સ વિષયમાં ઉચ્ચ શિક્ષણ અને જીવન ઘડતર માટે ખ્યાતનામ સંસ્થા એસ.બી. ગાર્ડા આટર્સ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન હેઠળ કૉલેજમાં આઈ.ક્યુ.એ.સેલ. દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬માં "ઉન્નત ભારત અભિયાન" અંતર્ગત "નશાબંધી અને દહેજ પ્રથા નિવારણ પ્રકલ્પ" વિષય પર 'મુસ્કુરાહટ ગ્રુપ'ના સંયુક્ત ઉપક્રમે તા. 18/09/2025ના રોજ બપોરે 2:30 કલાકે ઇટાળવા ગામે સ્વામીનારાયણ હાઈસ્કૂલમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં 'મુસ્કુરાહટ ગ્રુપ'ના શ્રી યઝદી જાલ અને ડૉ. સ્વાતિ દેસાઈના નશાબંધી નિવારણ વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે અને તેમના ગ્રુપના અન્ય સભ્યોએ પણ આ વ્યાખ્યાનને અસરકારક બનાવવા સંગીત અને નાની-નાની વિડીયો કલીપનો પ્રયોગ કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વ્યસનથી થતા નુકસાન તેમજ એને દૂર કરવાના ઉપાયો વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. શાળાના આચાર્યશ્રી પ્રદ્યુમ્ન એસ. તિવારી સાહેબે પણ આ વિષય પર વિદ્યાર્થીઓને સંદેશો આપી કાર્યક્રમ માટે શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકગણ હાજર રહ્યાં હતાં.

એસ.બી. ગાર્ડા આટર્સ એન્ડ પી.કે. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારીમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબ અને ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ સાહેબે સમગ્ર કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. હેતલબહેન આર. નાયકે કર્યું હતું. કાર્યક્રમમાં સક્રિય ભૂમિકા કૉલેજના એડહોક પ્રાધ્યાપિકા તેજલબહેન આર. ચાંપાનેરીએ ભજવી હતી અને આભારદર્શન કૉલેજના એડહોક પ્રાધ્યાપિકા ફાએઝા વાય. માંકડાએ કર્યું હતું.